સુવિચાર : દ્વેષની હાજરીમાં માણસ માત્ર જીવતો જ દેખાય છે, જયારે પ્રેમની હાજરીમાં માણસ 'જીવંત' બને છે - મુનિ ચંદ્રભાનુ

તાપમાન
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૦ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૨૫ | ૨૫ ઓક્ટોબર, ૨૦૧૫, રવિવાર ; આસો સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



**યુનો દિવસની ઉજવણી** - વિશ્વભરમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ 'યુનો' દિવસની ઉજવણી ભારે દબદબાપૂર્વક કરાઈ હતી... ગાંધીનગરના આગવી ઓળખ સમા મહાત્મા મંદિર ખાતે 'દાંડી કુટીર'ને બ્લ્યુ કલરની રોશનીથી સજાવ્યું હતું... મહાત્મા ગાંધીની સ્મૃતિ ચિરંજીવ બને એવા ભાવ સાથે નિર્માણ પામેલ અદ્દભૂત દાંડી કુટીરની સજાવટ 'યુનો' દિવસે કરાઈ હતી તે સૌથી પ્રસંશનીય સંભારણું બની રહેશે... ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમવાર ભવ્યાતિભવ્ય રોશની આલેખી શકાય... રોશનીથી ઝળહળતા 'દાંડી કુટીર' સંકુલ ખાતે અનોખો નજારો જોવા મળતો હતો.

(તસવીર : દિપક જાની)

## ફટાફટ ન્યુઝ

- મોદી આજથી બિહારમાં ચૂંટણી પ્રચાર માટે સજ્જ
- એરફોર્સમાં મહિલા ફાઇટર પાયલોટ સમાવેશને મંજુરી
- ધોની ચેન્નાઈમાં ૮ વર્ષ રહ્યા બાદ નવી આઈપીએલ ટીમમાં જશે : અહેવાલ
- ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે નિર્ણાયક જંગ
- બીએસએફ ચોકીને ટાર્ગેટ બનાવીને પાકનો ગોળીબાર

# રાજ્ય ચૂંટણી પંચ અને કેન્દ્રીય ચૂંટણી પંચ વચ્ચે ટકરાવની સંભાવના

**કેન્દ્રીય ચૂંટણી પંચની મતદાર યાદી સુધારણા ઝુંબેશ ટાણે જ રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયા થશે : સોમવારે બન્ને બંધારણીય સંસ્થાના અધિકારીઓની બેઠકના સંકેત**

(પ્રકાશ જહા)

ગાંધીનગર, તા. ૨૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની ગઈકાલે જે ઝડપથી રાજ્ય ચૂંટણી પંચે જાહેરાત કરી તે પછી રાજ્ય ચૂંટણી પંચ અને કેન્દ્રીય ચૂંટણી પંચ વચ્ચે ટકરાવની સ્થિતિના ભણકારા વાગી રહ્યા છે.

૧લી નવેમ્બરથી કેન્દ્રીય ચૂંટણી પંચે મતદારયાદી સુધારણા ઝુંબેશની જાહેરાત કરી છે અને ૨જી નવેમ્બરે મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિની જાહેરાત પણ કરી દીધી છે.

તો રાજ્ય ચૂંટણી પંચે ૩જી નવેમ્બરે ચૂંટણી પ્રક્રિયાના પ્રારંભ થશે અને તે અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થશે તેવી જાહેરાત કરી છે. આ બન્ને બંધારણીય સંસ્થાઓ વચ્ચે કાર્યક્રમ જાહેર કરવાને લઈ સંવાદનો અભાવ પ્રથમ દષ્ટિએ સામે આવી રહ્યો છે.

આ ચૂંટણી પ્રક્રિયામાં ૨,૫૦ લાખથી વધુ કર્મચારીઓની જરૂરિયાત રાજ્ય ચૂંટણી પંચને રહેશે. જ્યારે મતદારયાદી સુધારણાની મહત્વની કામગીરી પર વિપરીત અસરો પડવાની સંભાવનાઓ રહેલી છે.

આ બન્ને બંધારણીય સંસ્થાઓ વચ્ચે સોમવારે બેઠક યોજાશે તેમ જાણવા મળેલ છે. પરંતુ આમાં કોણ પીછેહઠ કરશે તેને લઈ રાજકીય ઉત્તેજનાઓ પાટનગરમાં જોવા મળી રહી છે.

રાજ્ય ચૂંટણી પંચે જે મતદાનની તારીખો જાહેર કરી છે તે જ દિવસે કેન્દ્રીય ચૂંટણી પંચે મતદાર યાદી સુધારણા ઝુંબેશના સઘન અભિયાન હાથ ધરવાની જાહેરાત કરેલી છે. એટલે આ મુદ્દે પણ બન્ને સંસ્થાઓ વચ્ચેની વાતચીતમાં શુ નિષ્કર્ષ નીકળે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

● અનુસંધાન પાન-૭ પર

ARIHANT
'અરિહંત એક્સક્લુઝીવ'
● રેડીમેડ - ગારમેન્ટ્સ
● શુટીંગ - શર્ટીંગ
● હોઝીયરી
● હેન્ડલુમ
● વુલન
Raymond
PETER ENGLAND
J.HAMPSTEAD THE WORLD'S FINEST FABRIC
પ્લોટ નં. ૧૯૮, બેઝમેન્ટ, બેંક ઓફ બરોડાની લાઈનમાં, સેક્ટર-૨૧
ફોન નં : ૦૭૯ ૨૩૨૪૯૫૧૬ (ઓ)
મો: ૯૯૦૯૯૭૫૯૯૩
email : hiren2708@gmail.com




સપના સાકાર કરવા, હવે ન જુઓ રાહ !
જુજ બંગલોઝ બાકી
● શ્રેષ્ઠ લોકેશન ● શ્રેષ્ઠ બાંધકામ
● વ્યાજબી કિંમત ● લોન પેપર્સ ઉપલબ્ધ
● દરેક યુનીટમાં ઉત્તમ હવા-ઉજાસ
● કિડ્ઝ સ્પ્લેશ પુલ અને પ્લે એરીયા
● સુવિધાસભર કલબ હાઉસ
● સીક્યુરીટી કેબીન અને CCTV કેમેરા
● લેન્ડસ્કેપ ગાર્ડન
● વિશાળ રોડ રસ્તા
● ઈન્ટરકોમ સિસ્ટમ
સ્માર્ટ સીટીમાં સમાવેશ થવાથી ગાંધીનગરમાં ઈન્વેસ્ટ કરવાનો આ જ શ્રેષ્ઠ સમય છે.
સાઇટ: સૂર્યા રોડ, પ્રમુખ નગર ની પાછળ, મહાત્મા મંદિર (ખ) રોડ, સરગાસણ ચાર રસ્તા પાસે, ગાંધીનગર.
ફોન : ૭૮૨૦૦ ૯૯૦૯૯